જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૧/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૩૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૯	૦	૧૧૯	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૪૮૮	૦	૭૩૪૮૮	૭૪૫૫૫	૦	૭૪૫૫૫
કુલ		૯૦૦૫૧	૦	૯૦૦૫૧	૯૯૦૫૫	૦	૯૯૦૫૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૯	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૭	૧,૦૭,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૫૪ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૩૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૦૩૪/૨૦૨૧**

વાસણાઃ અર્પણભાઇ જતીનભાઇ સેતલવાડ (રહે. ધારીણી સોસાયટી પી.એન્ડ.ટી કોલોનીના ખાચામાં વાસણા) એ તા.૦૭/૧૧/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૦૬/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના ભાગે બાથરૂમની ફ્રેમ સાથેની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, ઘડીયાળ, કેમેરો, ગોદરેજનુ લોકર અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮,૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.જે.ઝાલા ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૦૩૫/૨૦૨૧**

વટવાઃ ગોપાલચંદ્ર જશવંતલાલ દાણી (રહે. મુરલીધાર સોસાયટી વિભાગ-૩ ગેબનશા પીર દરગાહ પાસે કેનાલ રોડ વટવા) એ તા.૦૭/૧૧/૨૦૨૧ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૬/૧૧/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન વટવા ગામ ગાંધીચોકમાં આવેલ રણછોડરાયજીના મંદિરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી બે દાનપેટી તોડી આશરે રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

સોનાનુ નેકલેશ ખેચી તોડી લઇ ગયોઃ- **સમાચાર યાદી નં.૨૦૩૬/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ કૃણાલબહેન વા/ઓ હિરેન દુધીયા (ઉ.વ.૪૪) (રહે. રાજેશ એપાર્ટમેન્ટ હરીહરેશ્વર મહાદેવની બાજુમાં હોટલ હયાત પાછળ ઇન્કમટેક્ષ નવરંગપુરા) તા.૦૫/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રન્ટના પશ્ચિમ તરફ તિબેટીયન માર્કેટ નજીકથી એક્ટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ કૃણાલબહેન દુધીયાના ગળામાંથી સોનાનું ડાયમંડવાળુ નેકલેસ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૃણાલબહેન દુધીયાએ રિવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુ: **સમાચાર યાદી નં.૨૦૩૭/૨૦૨૧**

વાસણા: ભગાભાઇ ઉર્ફે રમણભાઇ બચુભાઇ વાળા (ઉ.વ.૫૦) (રહે.શક્તિનગર વિશાલા હોટલ પાછળ ગુપ્તાનગર વાસણા) તા.૦૬/૧૧/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૨૦૩૮/૨૦૨૧**

ઘાટલોડીયા: પુજાબહેન વિનોદભાઇ જોષી (ઉ.વ.૪૦) (રહે. જોગણી માતાની ચાલી નવસંસ્કાર સ્કુલ પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.મકવાણા ચલાવે છે.

રખિયાલ: ઝુનેદઆલમ કબીર ઉદ્દીન શેખ (ઉ.વ.૫૫) (રહે. ગજાનંદપરીખની ચાલી કોલગેટ એસ્ટેટ સામે રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૧/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સુરપાલસિંહ અજિતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.